Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous Issue-28 | January – March 2017

# ‘તત્ત્વમસિ’ (૧૯૯૮)માં આલેખિત ભારતીય સાંસ્કૃતિક ચેતના

ધ્રુવ પ્રબોધરાય ભટ્ટનો જન્મ ભાવનગર જિલ્લાના નિંગાળા ગામમાં ઈ.સ. ૮-૫-૧૯૪૭ના રોજ થયો હતો. લેખક કોમર્સના વિદ્યાર્થી રહી ચુક્યા છે. એમની કૃતિઓ માટે તેમને દર્શક ફાઉન્ડેશન, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી તથા બીજાં પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. અહીં અભ્યાસવિષય બનેલ એમની નવલકથા ‘તત્ત્વમસિ’ને પણ સાહિત્ય અકાદમી, દિલ્હીનો એવોર્ડ એનાયત થયેલ છે. એમને ‘તત્ત્વમસિ’ ઊપરાંત ‘ખોવાયેલું નગર’, ‘અગ્નિકન્યા’, ‘અતરાપી’, ‘કર્ણલોક’ અને ‘સમુદ્રાન્તિકે’ જેવી નવલકથાઓ પણ ગુજરાતી સાહિત્યને અર્પણ કરેલ છે. જેમાંથી આત્મકથનાત્મક શૈલીમાં લખાયેલી ‘સમુદ્રાન્તિકે’ તથા રોજનીશી-ડાયરી પદ્ધતિએ લખાયેલ ‘તત્ત્વમસિ’, એ બે નવલકથાઓએ એમને નવલકથાકાર તરીકે વધુ ખ્યાતિ અપાવી છે. આ ઉપરાંત એમની પાસેથી ‘ગાય તેનાં ગીત’ અને ‘શ્રૃણવંતુ’ કાવ્યસંગ્રહો તથા ‘ખોવાયેલું નગર’ નામક બાલસાહિત્યનું પુસ્તક પણ મળે છે.

ધૃવ ભટ્ટ લિખિત નવલકથા ‘તત્ત્વમસિ’ (ઈ.સ. ૧૯૯૮) ૨૬ પ્રકરણમાં વહેંચાયેલી છે અને ૨૩૨ પૃષ્ઠ ધરાવે છે. આ કથાનું સ્થળ નર્મદા નદીનો ભૂભાગ છે જ્યારે સમય એ નદી પર ડેમ બાંધવાનું નક્કી થયા પછીનો પસંદ કરાયો છે. કથાનાયક ભારતીય મૂળનો પણ પરદેશમાં માનવ સંસાધન વિકાસ સાથે સંકળાયેલ વિદ્યાર્થી છે. ભારતીય શિક્ષકો અને સમાજના સંબંધો પ્રત્યે લાગણી ધરાવનાર પ્રોફેસર રુડોલ્ફના આદિવાસી સંસ્કૃતિનાં અભ્યાસ માટેના એક પ્રોજેક્ટ સંદર્ભે અઢાર વર્ષે ભારત પાછો આવે છે. શરૂઆતમાં એને પરદેશી સંસ્કૃતિ, લ્યૂસી જેવી પ્રેયસી અને યુનિવર્સિટી છોડવાનું મન થતું નથી. પરંતુ ‘આરણ્યક’ના નાયક સત્યચરણની જેમ એને પણ અહીંના અરણ્યો અને અરણ્યવાસીઓની માયા લાગે છે. નાયકનો મૂળ ઉદ્દેશ તો અહીંના માણસોમાંથી ઉત્પાદકતા સિદ્ધ કરવાનો હોય છે. કથાનો મુખ્ય સૂર છે લુપ્ત થતી સંસ્કૃતિઓને બચાવવા માટે એમની સંસ્કૃતિને અનુરૂપ ઉદ્યમ શોધી આપવાની જિકરનો. અંધશ્રદ્ધા અને ધર્માંધતાથી પીડાતી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી આદિવાસી પ્રજાને સાચા રસ્તે વાળી તેમની સુષુપ્ત શક્તિઓનો મહત્તમ લાભ સમાજને મળી રહે એવા પ્રયત્નો આદરવાનો ઉદ્યમ એણે કરવો છે.

નાયકને ભારત આવીને પ્રજામાં ‘વિવિધતામાં એકતા’ની ભાવનાના દર્શન થાય છે. નવલકથાની પાત્રસૃષ્ટિ વિવિધતાથી સભર છે. વિવિધ ધર્મો-જાતિના પાત્રો કોઈ જાતિચિત્રો નથી બની રહેતા. ગૌણ પાત્રો પણ દૂરિત નથી લાગતાં પણ એમાં કોઈને કોઈ ઉદાત્ત તત્ત્વ રહેલું છે એમ લેખકે દર્શાવ્યું છે. અહીં પૈસાને નદીના પાણીમાં ફેંકી દેતી અને ચહેરાના હાવભાવ પરથી મન પારખી લેતી ડોશી, સહજભાવે એ ડોશી સાથે હળીમળી જતો મુસલમાન, પોતાની વૃદ્ધ માતાના પ્રત્યેક આદેશનું પાલન કરતો આધેડ વયનો શાહુકાર ગુપ્તાજી (બિહારી), માત્ર થોડા સમયમાં પોતાના જીવનનો ઈતિહાસ એક અજાણ્યા વ્યક્તિ આગળ અત્યંત

સાહજિકતાથી રજૂ કરી દેતી પાર્વતીમાં, દરદીને સ્પર્શતાંવેંત રોગનું નિદાન કરતો અને જેની સાત પેઢી વૈદું કરતી આવી છે એવો કીકો વૈદ્ય, આદિવાસીઓની દેવી બની જીવનની સાર્થકતા સિદ્ધ કરતી કાલેવાલી માં (વનિતા), શિક્ષક ન હોવા છતાં જેનું જ્ઞાન પામનાર તેના સૂક્ષ્મ સંપર્કમાં આવી જાય એવો લક્ષ્મણ શર્મા, સેવા અને શિક્ષાનું કામ કરતો પાદરી થોમસ, માત્ર એક ગામડાની શાળા બંધ ન થાય એ માટે તાલુકો છોડી જંગલ વચ્ચે રહેતો વિષ્ણુ માસ્તર અને એની પત્ની વિદ્યા જેવાં પાત્રોનો પરિચય પામે છે. તો સામે છેડે જાત-જાતનાં સ્થાનકો બનાવવાની સર્જનશીલતા ધરાવનાર બિત્તુબંગા, વિષાદ અને આનંદને એક સાથે સમાવી રાખતી વનકન્યા પુરિયા, એક જ રાતમાં વીસ વીસ ગાઉનું અંતર કાપી ધાડ પાડવાની આવડત ધરાવતો ઝૂરકો, ભલભલી મધમાખીઓનું મધ ઉતારનારો સાહસી દીતિયો ભીલ, નાગોડિયા આદિવાસીએ આપેલ મહુડાનો ગંધાતો દારૂ અમૃતની જેમ પી જતો ધુની ગંડુ ફકીર, પતિની સારવાર માટે ગળાની હાંસડી વેચીને અને મજૂરી કરીને પૈસા ચુકવવાની તૈયારી દર્શાવનાર બાબરિયાની પત્ની, વિરોધો વચ્ચે પોતાના વાડામાં મધપેટી નાંખવાની હિંમત દાખવનાર જોગા, શ્વાનમંડળના એક તારાને પોતાનું વતન માનતો સાઠસાલી જાતિનો વૃદ્ધ ડાયો, સાઠસાલી જાતિના એક બાળકને વરૂના મુખમાંથી બચાવનારી સાહસિક સ્ત્રી નારદી, માત્ર કંદમૂળ ખાઈને દિવસો સુધી ટકી રહેતી છતિયા ટોલા જેવા ટીંબાની ગરીબ પ્રજા અને પોતાના ભાઈની હત્યારી માણસખાઉ વાઘણને એના બચ્ચાઓની દયા ખાઈ છોડી મુકનાર બિત્તુ જેવાં અત્યંત અભાવમાં જીવતા અનેક પાત્રોના સંપર્કમાં આવ્યા પછી નાયકની ભારતીય પ્રજા વિશેની પૂર્વધારણાઓ ખોટી પડે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિનું સાચું દર્શન તો એને નાયિકા સુપરિયા (સુપ્રિયા) અને સનાતની ગણેશ શાસ્ત્રીની અનોખી જીવનદૃષ્ટિ વડે સમજાય છે.

હિરની ટોલા ખાતે કોઈ પણ જાતની સગવડ વિનાના પત્થરની ગુફામાં કોતરાયેલ મંદિરને ઘર બનાવી રહેનાર ગણેશ શાસ્ત્રીના સાંસ્કૃતિક અર્થઘટનો નાયકને રસપ્રદ લાગે છે. શાસ્ત્રીજી અરણ્યોએ ઘડેલો બ્રાહ્મણ છે. તેઓ માને છે કે કોઈ પ્રજાને સુધારવાનો અધિકાર કોઈને નથી. પરદેશી આક્રમણો, હીન કક્ષાનાં શાસકો, અત્યાચારી શોષણખોરો, પાખંડી ધર્મગુરુઓ વચ્ચે પણ હજારો વર્ષથી ભારતીય સંસ્કૃતિએ પોતાનું અસ્તિત્વ અને અસ્મિતા ટકાવી રાખ્યાં છે, એની પાછળ કઈ શક્તિ કામ કરે છે ? ગણેશ શાસ્ત્રી ધર્મને જીવનનો પાયો નથી ગણતા. તેઓ ઈશ્વરની ભક્તિ કરે છે પણ ધર્મની નહિ. અનેક સંપ્રદાયો હોવા છતાં એકતા જુએ છે. તેઓ માને છે કે ૩૩ કરોડ દેવતાઓમાં એકાદ બે દેવતાનો વધારો કરી દેશો તો પણ કોઈ ફર્ક નથી પડવાનો. ધર્મમાં શ્રદ્ધા હોય કે ન હોય પણ માણસે શ્રદ્ધા તો રાખવી જ જોઈએ એવું સુચન પણ કરે છે. તેઓ આ દેશની વિચારધારાને સમજવા પર ભાર મુકે છે. શાસ્ત્રીજી માને છે કે ધાર્મિક યાત્રાઓ અને તીર્થસ્થાનોનાં દર્શન જેવી પરંપરાઓ આ દેશની પ્રજાને એક તાંતણે બાંધી રાખવા માટેની છુપી કડી છે. કેટલીક શાસ્ત્રાજ્ઞાઓ પાછળ વિજ્ઞાન અથવા વ્યવહાર જ્ઞાન કામ કરે છે. જેમકે પીપળાને આંગણામાં રોપવું અપશુકન એટલા માટે ગણાય કેમ કે ઝડપથી ફેલાતાં એનાં મૂળિયાં ઘર માટે જોખમી છે. કોઈ લગ્ન કે શુભ પ્રસંગો સિંહસ્થ વર્ષમાં કરવાની મનાઈ એટલા માટે છે કે એ સમયે સંઘ કે ચારધામની યાત્રાઓ કરનારાં માટે ઘરમાં મોટા આયોજનો ન પોસાય. પણ આવી વાતો લોકો સીધી રીતે માને એમ ન હોવાથી તેને શાસ્ત્રાજ્ઞા તરીકે માનવાની ફરજ પડાઈ છે. પ્રજાને વૈજ્ઞાનિક કારણો કે વાતોમાં રસ ન પડે, તેથી કેટલાંક નિયમોને શુકન-અપશુકન, પાપ-પુણ્ય કહી સરળ રીતે પળાવી શકાય. તેમનું માનવું છે કે આ દેશ અધ્યાત્મ પર ટકે છે, ધર્મ પર નહિ. કારણ કે ધર્મ તો આજ્ઞાઓ આપે છે જ્યારે અધ્યાત્મ તો મુક્તિ આપે છે. ધર્મમાં અમુક પ્રકારના નિષેધો સાસ્કૃતિક વ્યવસ્થાનો જ

એક ભાગ છે. ઋષિઓએ જો ધર્મને જીવનનો પાયો ગણ્યો હોત તો આટઆટલાં સંપ્રદાયો આપણે ઊભાં કેવી રીતે કરી શકત ? શાસ્ત્રી ધર્મ કરતાં પણ વિશેષ ચિંતા સંસ્કૃતિની કરનાર બ્રાહ્મણ છે. પ્રવાસથી જીવન તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલાય છે. નર્મદા ઉત્તરાખંડ અને દક્ષિણપથને જોડીને એક રાખે છે. અમરકંટકથી લઈ સમુદ્ર સુધી વહેતી નદી પ્રેમ, સાંત્વના, આદર, પુણ્યો અને કેટકેટલી દંતકથાઓ સર્જે છે. દેશના ગમે તે ખૂણે રહેતો ભારતીય નદીનું નામ લઈ શરીર પર કળશ ઢોળે છે. આપણે આંખો મીંચીને નવી ટેક્નોલોજી નથી સ્વીકારતા. પણ પારખીને, સમજીને પછી સ્વીકારવા યોગ્ય લાગે તો સ્વીકારીએ છીએ અને જરૂર પડ્યે વિરોધ પણ કરી લઈએ છીએ. આવાં સાદા અને નાના વાક્યોમાં પણ ગહન વાત સમાવવાની કળા ધરાવતાં શાસ્ત્રીજીની વાતોનું રહસ્ય તેમનું સરળ અને પ્રકૃતિમય જીવન છે. આમ, શાસ્ત્રીજી એક ચિંતક રૂપે આલેખાયા છે.

યુનિવર્સિટીની અધ્યાપિકા કે કોઈ કંપનીમાં એક્ઝિક્યુટિવ બનવાનો મોહ છોડી આદિવાસી કેન્દ્ર ચલાવનારી યુવતી સુપ્રિયા ભારતીય એક એક્ટિવિસ્ટ છે. તે લુપ્ત થતી સંસ્કૃતિને બચાવવા પ્રયત્નશીલ છે. મહાભારત વાંચ્યા કરતી સુપ્રિયાના મતે દુનિયામાં એકાદ લુપ્ત થતી પશુ, પક્ષી કે વનસ્પતિની જાતિને બચાવવાં અનેક લોકો આગળ આવે છે, પણ એક જીવનશૈલી, એક વિચારધારા કે આખી સભ્યતાને બચાવવાનાં પ્રયત્નો ખાસ થતાં નથી. સુપ્રિયા એક સંસ્કૃતિનાં વિનાશને પરિવર્તન તરીકે સ્વીકારવા રાજી નથી. એ ઈચ્છે છે કે ૨૧મી સદીમાં ભારત જગતથી આગળ ભલે નીકળી જાય પણ પરંપરાઓના ભોગે નહિ. તે કંઈક મેળવી લેવાની, પામવાની, હોદ્દાઓ કે ચંદ્રકો જીતવાની હોડમાં નથી. પશ્ચિમના લોકો માણસને, પશુને, પક્ષીને, વૃક્ષ-વનસ્પતિને, અરણ્યને સંસાધનો ગણે છે. સુપ્રિયા નાયકને સૂચક શબ્દોમાં કહે છે કે માણસને કે મધમાખીને સંસાધન સમજવાની ભૂલ કરવી જોઈએ નહી. એ તો અસ્તિત્વ છે. નર્મદામૈયા એમણે માનવદેહે દર્શન આપશે એવી શ્રદ્ધાથી લોકો માઈલો દૂરથી પગપાળા પ્રવાસ કરે છે. હજારો વર્ષોની આ પરંપરાનું સાંસ્કૃતિક મૂલ્ય છે. વળી, એ પરિક્રમા કરનારાઓની સેવા એ માણસની સેવા નહિ પણ પરિક્રમાની અને પરંપરાની સેવા છે. નાયક લ્યૂસી સંદર્ભે સૂચક શબ્દોમાં કહે છે કે કોઈની સાથે રહેવું અને કોઈને સાચવવું એ બન્નેમાં અંતર છે.

નાયકને સમજાય છે કે આ દેશના લોકો રામાયણ કે મહાભારત વાંચે કે ન વાંચે પણ એની કથાઓ લોકોની રગેરગમાં વહે છે. એ માત્ર કથાઓ નથી પણ પરંપરાઓ છે. યુનિવર્સિટીના સંશોધકો જે પ્રસ્થાપિત કરવા માગે છે એવી વાતો નાયકને જંગલો વચ્ચે રહેતી અભણ પાર્વતીમાંના હાલરડામાં જણાય છે. અહીં સાગનાં વૃક્ષને પણ રક્ષણના દેવતા માનનારી અને નદીને માતા ગણનારી પરંપરા છે. દેશના ગરીબ લોકો જ મુક્ત અને નિર્ભેળ આનંદ માણી શકે છે. અત્યંત ગરીબી, ભૂખમરો, અંધકારમય ભવિષ્ય, અનેક પ્રકારનાં જીવનપ્રશ્નો હોવા છતાં પળભરમાં સાહજિક આનંદ અનુભવે છે. આ આનંદ તેઓ ક્યાંથી લાવે છે ? અહીં લોકો અભાવમાં નહિ પણ પોતાના સ્વભાવમાં જીવીને મસ્તી માણે છે. કૌટુંબિક પરંપરામાં લાગણી, લગાવ, માયા એ એવી કડી છે જે સમગ્ર દેશને એક તાંતણે બાંધી રાખે છે. શું આ પ્રજા ભોળી છે, મુર્ખ છે, માણસાઈવાળી છે કે આધ્યાત્મિક છે ? ખરેખર તો આ પ્રજાને સુધારવાનો અધિકાર કોઈને નથી. શરૂઆતમાં આભડ છેટ રાખી ચાલનાર કથાનાયકને સમજાય છે કે ભલે લોહીનો સંબંધ નથી છતાં એ લોકો પોતાનાં છે. ભયાનક દાવાનળ ફાટી નીકળે છતાં લૂંટફાટ ન થાય અને પુનઃવસન માટે એકત્રિત થઈ પોતાનો સિંહફાળો આપનારી પ્રજામાં કયું ખમીર રહેલું છે ? એમેઝોન કે મિસિસિપીના ભયંકર ગીચ જંગલોમાં ભટકવાનો પશ્ચિમના સાહસવીરોનો ઉદ્દેશ નામ કે પૈસા કમાવવાનો હોઈ શકે, પણ નર્મદાની પરિક્રમા પાછળ શ્રદ્ધા છે પ્રકૃતિને આત્મસાત કરવાની, એમાં

આત્મલીન થવાની. પ્રકૃતિનો આનંદ માણવાને જ કદાચ આધ્યાત્મિકતા કહેવાતી હશે ? લ્યૂસી પણ માને છે કે પરંપરાઓને જાળવી વિકાસ સાધવાની કળા ફક્ત જાપાનીઓ પાસે અને ભારતવાસીઓ પાસે છે. મહાન શાસ્ત્રો રચનારાં મહાપુરુષોએ સતત ભ્રમણ કર્યા હશે, અસંખ્ય અનુભવો પ્રાપ્ત કરવા પડ્યા હશે. સ્વતંત્રતા ટકાવવા માટે પૂર્વજોએ કેટકેટલાં ભોગ આપ્યા હશે !

ગંડુ ફકીર જેવો ધૂની પણ કોઈને છેતરવું એટલે આપણી જાતને જ છેતરવી એવી ફિલસૂફી કેવી રીતે જાણતો હશે ! લક્ષ્મણ શર્માને પૂર્વ જન્મ વિશેની માન્યતા વિશે પુછાયેલ સવાલનો જવાબ નાયકને ‘તમે આ જન્મમાં માનો છો ?’ એમ સવાલ રૂપે મળે છે ત્યારે નાયક સત્બ્ધ બની જાય છે. અર્જુન જેવા મહારથીને પણ કાબાઓના હાથે લૂંટાવું પડ્યું. જે જ્ઞાન એણે કુરુક્ષેત્રમાં મેળવવાનું બાકી રહેલુ, એ જ્ઞાન કાબાઓના હાથે લૂંટાયા પછી મળ્યું. એ જ્ઞાન એટલે પોતાના અહમ્ ના ચૂરેચૂરા થવા. ભારતીય લોકોની સુખની વ્યાખ્યા પણ જુદી છે. પરદેશમાં તો મિત્રો જીતવાની કળા, આ કળા, તે કળા જેવા પુસ્તકો લખવા પડે છે, જ્યારે ભારતીય સમાજને તો આ બધું સહજ છે. પશ્ચિમમાં કુટુંબ જેવું ખાસ કશું નથી. જો કે ત્યાં દયા, માયા, પ્રેમ છે; પણ આપણાં જેવી આત્મીયતા નથી. ત્યાં તો અંતરંગ મિત્રો પણ ગૃહસ્થી વિશેની વાતો કરતા ખચકાય છે. એક તરફ જોડાક્ષરો બોલી ન શકતી પ્રજા અને બીજી તરફ જોડાક્ષરોથી ભરેલાં સમાસોથી ઉત્તમ સાહિત્ય સર્જનારી પ્રજા એક સાથે રહે છે. આ કઈ સંસ્કૃતિ છે જે વિવિધ ધર્મના લોકોને એકસૂત્રે બાંધી રાખે છે. બાળવયમાં મમ્મીનું અવસાન થવાથી કચ્છના એક નાનકડાં ગામડામાં નાયકને નાનીમા સાથે રહેવાનું થયેલું. ત્યારે નાનકડાં ઘરમાં કેટકેટલાં સભ્યો એક સાથે કેવી રીતે રહેતાં હશે તેની આજે નવાઈ એણે લાગે છે. એ વખતે ઘરનો પ્રત્યેક સભ્ય નાનીમાનો હુકમ માનતો. ‘બાને નહિ ગમે...’ એ જ જાણે કે બધાંનો જીવનમંત્ર હતો. નાનીમાએ નર્મદા નદીને કરેલી ‘મારા ભાણિયાની રક્ષા કરજો...’ એવી પ્રાર્થનાએ નાયકમાં કંઈક વિશેષ ભાવ પ્રેર્યો હતો. પણ આ જગત દેખાય છે એટલું રમ્ય પણ નથી. અંધશ્રદ્ધા અને વહેમોમાં ખદબદતી અને હજારો વર્ષ પાછળ રહેવામાં આનંદ માનતી સભ્યતા વચ્ચે કામ કરવાનું એને સહેલું નથી લાગતું. પુરિયા જેવી વનબાળાને ડાકણ માની એનો સામાજિક બહિષ્કાર કરનાર તથા એક કોળભરી કન્યાની હત્યા કરવા તૈયાર થનારા લોકોને જોઈ વિષાદ અનુભવે છે. અથાક મજૂરી કરી માત્ર વેદનામાં જીવનારી પ્રજા જોઈ એને સાચી વેદના શું છે તે સમજાય છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટ ‘તત્ત્વમસિ’ સંદર્ભે પોતાનુ અવલોકન આપતા નોંધે છે કે “સાંસ્કૃતિક કટોકટિના અનુસંધાને ભારતીય સંસ્કૃતિનું મહિમાગાન કરવાનો લેખકનો ઉદ્દેશ નથી. સાંપ્રત સમયના સર્જકના માનસને અનુરૂપ વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કાર વગેરે તત્ત્વોને ઓગાળવાની કોશિશ પણ કૃતિમાં થઈ છે.”[૧] પ્રસાદ બ્રહ્મભટ્ટને કૃતિમાં કેટલીક વિગતો તાલમેલિયા લાગી છે છતાં તે સૌંદર્યબોધમાં બાધક નથી એમ પણ કહ્યું છે.

‘હું કોણ છું અને મારે ક્યાં જવાનું છે ?’ એ આપણો સનાતન પ્રશ્ન છે. આપણે જન્મ- જન્માન્તર, માયા, ઈશ્વર, પામર અને પરમમાં માનીએ છીએ. કાલેવાલી માંના વિચારોમાં કહીએ તો અહીં ધર્મમાં (લ્યૂસી જેવાં) મહેમાનોની થોડી ઘણી દખલ તો ચલાવી લેવાય છે, પણ ધર્મમાં દખલ ન થાય તેની ચિંતા જરૂર છે. એથી લેખકે સંસ્કૃતિનો લોપ થવાનો ભય પણ વ્યક્ત કર્યો છે. સંસ્કૃતિનું ઋણ ચુકવવાની પ્રતિબદ્ધતા જ જગતના લોકોને આપણી તરફ આકર્ષે છે. આપણે મન તો અહમ્ જેવું કશું જ અસ્તિત્માં છે નહિ; જે છે એ બધું તત્ત્વમસિ છે, નર્મદા મૈયા જ છે. કથાનું શિર્ષક ‘તત્ત્વમસિ’ છાંદોગ્ય ઉપનિષદના મહાવાક્ય પર આધારિત છે જે અત્યંત સાર્થક નિવડ્યું છે. શરૂઆતમાં બે ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે મુંઝાતો કથાનાયક અંતે નર્મદાનો ‘પરિક્રમાવાસી’ બની

રહે છે એમ દર્શાવી ભારતીય સંસ્કૃતિની અદ્વિતીયતા સિદ્ધ કરવાનો લેખકે પ્રયાસ કર્યો છે. લેખકે અહીં પ્રચારકની ભાષામાં નહિ પણ કલાત્મક અભિગમ દાખવીને પોતાનું રસવિશ્વ પ્રગટ થવા દીધું છે. 'તત્ત્વમસિ' માં ઉજાગર થતી ભારતીય સાંસ્કૃતિક ચેતનાના બળે તે એક સંગ્રહ કરવા યોગ્ય કૃતિ બની રહે છે.

## પાદટીપ :

I. પ્રસાદ બ્રહ્મભટ્ટ, 'અર્વાચીન ગુજરાતી સહિત્યનો ઈતિહાસ', પ્રકરણ-૧૪, અગિયાર પ્રયોગશીલ નવલકથાકારો, પ્રકાશક : બાબુભાઈ હાલચંદ શાહ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ-૩૮૦ ००૬, બીજી આવૃત્તિ : ૨०૧૪, પૃ. ૨०૮)

## સંદર્ભ :

II. 'તત્ત્વમસિ', લેખક : ધૃવ ભટ્ટ, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. (૧૯૯૮), પુન:મુદ્રણ-૨૦૦૩.

************************************************************************

**ગૌતમ પારેખ**
પી.એચ.ડી. સંશોધક
ગુજરાતી વિભાગ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
પાટણ

Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat